ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

કાળઝાળ ગરમીમાં શહેરમાં પ્રતિદિન ૮૦ લાખ લીટર પાણીનો વપરાશ વધ્યો

તંત્ર દ્વારા રોજ ૮ એમ એલ ડી સપ્લાય વધુ આપવામાં આવે છે : સચિવાલય અને સરકારી કચેરીઓમાં પણ પાણીનો વપરાશ વધ્યો

ગાંધીનગર તા ૫

શહેરમાં વધતી આકરી ગરમી વચ્ચે પાણીનો વપરાશ પણ વધ્યો છે. ત્યારે પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા પ્રતિદિન અપાતા સપ્લાયમાં ૮ એમ એલ ડી નો વધારો કરી દેવાયો છે. અલબત્ત શહેરમાં આડા દિવસો કરતા રોજ ૮૦ લાખ લીટર પાણી વધુ આપવામાં આવે છે. શહેરીજનોની પાણીની જરૂરિયાતને પુરી કરવા માટે નર્મદા ઉપરાંત બોરનુ પાણી પણ સપ્લાય કરવામાં આવે છે.

શહેરમાં પાણી પુરવઠાના સપ્લાય માટે પ્રતિવર્ષ કરોડો રૂપિયનો ખર્ચ કરવામાં આવે છે. જયારે નગરજનોને પર્યાપ્ત પાણી મળી રહે તે માટે નર્મદાના પાણી ઉપરાંત સેકટરોમાં બનાવાયેલા બોરનુ પાણી પણ સપ્લાય કરવામાં આવે છે. આડા દિવસોમાં શહેરમાં પ્રતિદિન ૫૨ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જયારે ગરમીના દિવસોમાં પાણીના સપ્લાયમાં ૮ થી ૧૦ એમ એલ ડી જેટલો વધારો કરી દેવામાં આવે છે. શહેરમાં પાણીના સપ્લાયના અંતે પાણીનો થતો બગાડ પણ ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે પાણી વેરો ભરપાઇ કરવામાં નિરસતા દાખવતા સેકટરવાસીઓ પાણીનો બગાડ કરવામાં પાછી પાની કરતા નથી. જેના લીધે પાણી માટે ખર્ચાતા કાવડીયા પણ બિન જરૂરી બગાડના લીધે પાણીમાં જતા હોવાનો આક્રોશ પણ પાણીનુ મુલ્ય સમજનારા બુધ્ધિજીવીઓ વ્યક્ત કરી રહયા છે. ગરમીના દિવસોમાં પાણીનો ઉપયોગ વધે છે. જયારે ઉપયોગ વધવાની સાથે પાણીનો સપ્લાય પણ દર ઉનાળામાં વધારી દેવામાં આવે છે.હાલ શહેરમાં ૫૨ ના બદલે ૬૨ એમ એલ ડી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. અલબત્ત પ્રતિદિન ૮૦ લાખ લીટર પાણી વધુ આપવામાં આવે છે. નગરજનોની પાણીની જરૂરીયાત સંતોષવા માટે પર્યાપ્ત પાણી પુરુ પાડવામાં આવતુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે નગરજનો રોજ ૬.૫ કરોડ લીટર પાણીનો વપરાશ કરતા હોવાનુ પણ જણાંવાયુ છે. જો કે શહેરમાં રહેણાંક વિસ્તારની સાથે સચિવાલય ઉપરાંત સરકારી કચેરીઓ પણ વિશેષ હોવાના લીધે ગરમીની ઋતુમાં પાણીના વપરાશમાં વધુ ફેરફાર જોવા મળે છે.

ખંડેર હાલતમાં સરકારી રહેણાંકો - શહેરના સ્થાપના કાળથી આજ સુધીમાં સરકારી મકાનમાં રહેવાનું આકર્ષણ હંમેશા રહ્યું છે... પરંતુ બદલાતા સંજોગોમાં ૪૦-૪૦ વર્ષ વિત્યા બાદ સરકારી રહેણાંકો મરામત અને દેખભાળના અભાવે ખંડેર બનતા જાય છે... સેક્ટર-૧૨ કેટેગરી, સેક્ટર-૧૬ કેટેગરી, સેક્ટર-૨૩, સેક્ટર-૨૮ અને સેક્ટર-૭ના કેટલાક સરકારી રહેણાંકો પડવાના વાંકે ઉભા છે... જો કે તંત્ર દ્વારા કાળક્રમે ઉતારી લેવાના નિર્ણયો કરાય છે પરંતુ હજુ સમગ્ર પ્રક્રિયામાં ગતિ ન આવતા કેટલાય સરકારી ખાલી મકાનોમાં અસામાજીક પ્રવૃત્તિઓનો અણસાર વર્તાય છે... કેટલાક મકાનોમાં ગેરકાયદેસર રીતે આસપાસના ઝુંપડાવાસીઓ રહીને ગંદકી કરે છે... કેટલાક રહેણાંકો સાવ વિચિત્ર હાલતમાં ઉભા છે... આમ સરકારી રહેણાંકોની આકર્ષણની વાત તો એક તરફ રહી પરંતુ દિવસે - દિવસે જોખમ વધારતા જાય છે... હવે તંત્ર દ્વારા ઝડપથી નિર્ણય લેવાય, સરકારી કર્મચારીઓ જે ટાવર કોલોની ઉભી કરવાની યોજના છે એમાં વ્યાપક પણે અમલ થાય અને સમજણ પૂર્વકની ગતિ આવે એમ ગાંધીનગર ઈચ્છે છે...

યોગ-પ્રાણાયામ - આજકાલ સ્વાસ્થ્ય જાળવવા માટે સતર્કતા અને સાવચેતી લેવાઈ રહી છે... સ્વસ્થ જીવન માટે યોગ-પ્રાણાયામ ખૂબ જ આવશ્યક છે... આપણા શાસ્ત્રો અને પુરાણોમાં પણ યોગ-પ્રાણાયામનો મહિમા વર્ણવાયો છે... નિરોગી જીવન માટે નિયમિત વ્યાયામ પ્રાથમિક શરત છે... શારિરીક અને માનસિક સ્વસ્થતા શ્વસન પ્રક્રિયાના યોગ્ય સંતુલન પર નિર્ભર છે... ત્યારે પ્રાણાયામ અકસીર ગણાય છે... આજકાલ વધતા જતા તબીબી વિજ્ઞાનના માહોલમાં પણ યોગ - પ્રાણાયામ જીવનનો એક ભાગ બનાવવા તબીબો પણ સલાહ આપે છે... ગાંધીનગરમાં તાલીમબદ્ધ યોગ શિક્ષકો સંખ્યાબંધ છે... સેક્ટરોમાં અને સંસ્થાઓમાં નિયમિત રીતે યોગના તાલીમ વર્ગો યોજાય છે... અને ઉજ્જવળ આવતીકાલ માટે ખૂબ જ જરૂર છે...

વનઆરક્ષિત જગ્યામાં તુટેલી ફેન્સીંગથી હરિયાળી સામે ખતરો

નવી ફેન્સીંગમાં લોખંડના થાંભલા મુકાશે : ૯ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર તા ૫

શહેરમાં વન આરક્ષિત જગ્યા પર ફેન્સીંગ કરી દેવાઈ છે. પરંતુ સિમેન્ટના થાંભલાની ફેન્સીંગ મોટાભાગની જગ્યાએ તુટેલી હાલતમાં જોવા મળે છે. નીલગાય તેમજ અન્ય રખડતા ઢોરના લીધે પણ ફેન્સીંગમાં ગાબડા પડતા વૃક્ષોની જાળવણીનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. ત્યારે વનતંત્ર દ્વારા લોખંડના થાંભલા સાથે ચેઈન લીંક ફેન્સીંગ માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરમાં મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વનતંત્રની ફેન્સીંગ કરવામાં આવી છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ તંત્ર દ્વારા ફેન્સીંગની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ સેકટરોમાં મોટાભાગના ઠેકાણે હાલ આ ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. જેના લીધે ફેન્સીંગ વિસ્તારમાં સ્થિત વૃક્ષોની જાળવણી અને રક્ષણ મામલો વનતંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. શહેરમાં મુખ્ય માર્ગો તેમજ સેકટરોને જોડતા રસ્તાઓ આસપાસ સ્થિત ફેન્સીંગના થાંભલાઓ તુટેલી હાલતમાં હોવાથી વનઆરક્ષિત જગ્યા ખુલ્લી થયેલી જોવા મળી રહી છે. જેના લીધે દબાણ તેમજ રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહયો છે. જયારે ફેન્સીંગના આંતરિક વિસ્તારમાં કચરાના ઢગ પણ ખડકાયેલા જોવા મળી રહયા છે. ત્યારે વનતંત્ર દ્વારા ફેન્સીંગને મજબુત બનાવવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. જેમાં સિમેન્ટના થાંભલા દુર કરી લોખંડના થાંભલા લગાવી દેવા માટે આયોજન કરાયુ છે. લોખંડના થાંભલા સાથે ચેઈન લીંક જાળી લગાવી દેવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.જો કે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ થાય તેમ છે. તોતિંગ ખર્ચને વનવિભાગ દ્વારા મંજુરી અપાયા બાદ ચેઈનલીંક જાળી નાંખવાની યોજના આખરી થશે. તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. શહેરમાં રખડતા ઢોરની સાથે નીલગાયનો ત્રાસ પણ વધી ગયો છે. જેના લીધે ફેન્સીંગના સિમેન્ટના થાંભલા તુટી જાય છે. જેના પરિણામે લોખંડના થાંભલા ફીટ કરવા માટે આયોજન કરવાની વિચારણા પ્રબળ બની હોવાનુ પણ વનતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં બીટ ગાર્ડની ઘટ નિવારવા આજથી ભરતી પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગરમાં ૩૦ ની જરૂરિયાત સામે માત્ર ૧૩ બીટ ગાર્ડ ફરજ બજાવે છે : ભરતીના અંતે ઘટનો પ્રશ્ન હલ થશે

ગાંધીનગર તા ૫

વન્ય જીવોની તેમજ હરિયાળીને રક્ષણ પુરુ પાડવાની ફરજ બજાવતા બીટ ગાર્ડની ઘટ નિવારવા માટે વન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ ભરતી પ્રક્રીયા હાથ ધરાશે આ દરમિયાન ૭૫ બીટ ગાર્ડની ભરતી માટે પ્રક્રીયા હાથ ધરાશે. જેમાં ગાંધીનગર જિલ્લામાં પણ હાલ ૧૮ જેટલા બીટ ગાર્ડની ઘટ છે. આગામી ભરતી પ્રક્રીયાના અંતે બીટ ગાર્ડની ઘટનો પ્રશ્ન હલ થઈ જશે.

શહેરમાં વિકાસના નવા આયામો વચ્ચે હરિયાળી સામે ખતરો મંડરાયો છે. જયારે માર્ગ નવિનીકરણ તેમજ વાઈડનીંગની સાથે નવી ઈમારતો બનતા વૃક્ષ છેદનની પ્રવૃતિ વધી છે. ત્યારે વૃક્ષોની કટોતી સામે વૃક્ષ પ્રેમીઓ નારાજ છે. વધુમાં સેકટરોમાં ભેદી રીતે થતા વૃક્ષોના છેદનના લીધે પણ શિક્ષિતોનુ મોં વંકાયુ છે. ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી તેમજ વૃક્ષોના યોગ્ય ઉછેર માટે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે નગરજનો પણ વધુ વૃક્ષો ઉછેરવાની આ પ્રવૃતિમાં જોડાય છે. ત્યારે હરિયાળી અને વન્ય જીવો સામે મંડરાયેલા ખતરાને નિવારવા માટે વનતંત્ર દ્વારા સેમિનાર પણ યોજવામાં આવે છે. વધુમાં વૃક્ષો તેમજ વન્ય જીવોને રક્ષણ પુરુ પાડતા બીટ ગાર્ડની

● અનુસંધાન પાન-૭ પર

પ્રાથમિક શાળાના આચાર્યોને આપત્તિ વ્યવસ્થાપનની તાલિમ અપાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ ૯ થી ૧૩ મે દરમ્યાન જિલ્લાની પ્રા. શાળાના આચાર્યોને આપત્તિ વ્યવસ્થાપન અંગેની ખાસ તાલિમ આપવામાં આવશે.

આ તાલિમ કાર્યક્રમ એક દિવસીય છે. ચોમાસુ આવી રહ્યુ હોવાથી શાળાના આચાર્યોને આપત્તિ વ્યવસ્થાપનની તાલિમ નિષ્ણાતો દ્વારા સે. ૧૨ ખાતેના બી.આર.સી. ભવન ખાતે આપવામાં આવશે.

૯મી મે ના રોજ ગાંધીનગર તાલુકાની શાળા, ૧૧મીએ દહેગામ અને ૧૨મી મે ના રોજ માણસા અને કલોલ તાલુકાની પ્રા. શાળાના આચાર્યોને આપત્તિ વ્યવસ્થાપન અંગેની તાલિમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં ચોમાસાને ધ્યાને રાખી આ વિશિષ્ટ તાલિમ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ તાલિમ શિબિર ડિસ્ટ્રીક્ટ આપત્તિ વ્યવસ્થાપનના અધિકારીઓને સાથે રાખી આપવામાં આવશે તેમ પણ સમિતિના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા શાળા કક્ષાએ પણ આવી તાલિમ અગાઉ આપવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

મહિલાઓ પર અત્યાચારના બનાવો રાજ્યમાં વધ્યા છે : રામાજી ઠાકોર

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં મહિલાઓ પર અત્યાચારના બનાવો વધી રહ્યા છે તેમજ બળાત્કારની ઘટનાઓ જે બહાર આવી રહી છે તે ચિંતાજનક છે. ગુજરાતમાં મહિલાઓ પર અત્યાચાર ગુજારનારાઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે તેવો ગંભીર આક્ષેપ આજે મહિલા વિષયક કાનૂની જાગૃતિ શિબિરમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે ઉચ્ચાર્યા હતા.

તેમણે સ્વ. રાજીવ ગાંધીએ મહિલા સશક્તિકરણની દિશામાં લીધેલા મહત્વના પગલાંઓનો ઉલ્લેખ કર્યો હતો.

ગુજરાત રાજ્ય મહિલા આયોગ ગાંધીનગર તેમજ જિલ્લા પંચાયત આયોજીત મહિલાઓમાં પોતાના હક તેમજ હિતોનું રક્ષણ કરી શકે તેવા હેતુસર મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ માટે શિબિરનું આયોજન કર્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યું કે મહિલાઓના આર્થિક તથા સામાજીક વિકાસ તેમજ સશક્તિકરણ જરૂરી છે. મહિલાઓના રક્ષણ માટેના નિયમો, કાયદાઓની રક્ષણ માટે પૂર્તિ જોગવાઈઓ કરવામાં આવેલ છે. મહિલાઓનું કોઈપણ જગ્યાઓ શોષણ ન થાય કે અન્યાય ન થાય તે હેતુસર કાયદાકીય જાગૃતિ અંગે શિબિરનું આયોજન જરૂરી છે.

દહેજ અને ઘરેલુ સતામણી, બળાત્કાર, ફરજના સ્થળે થતી જાતિ સતામણી, જાતિય પરિક્ષણ અને ભ્રુણ હત્યા વગેરેમાં મહિલાઓને થતી હેરાનગતીની સમજણ આપી હતી.

આ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય મહિલા આયોગનો આ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

જિલ્લા પંચાયત ગાંધીનગરના શિક્ષણ સમિતિના ચેરમેન ગીતોબન

● અનુસંધાન પાન-૭ પર

વિદ્યાસહાયક જગ્યા વેઈટીંગ લિસ્ટથી ભરવા માટે આદેશ

વિદ્યાસહાયકોની કુલ ૨૦ ટકા ખાલી જગ્યાઓ વેઇટીંગ લિસ્ટથી ભરવા હાઇકોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો

અમદાવાદ,તા.૫

વિદ્યાસહાયકની ૨૦૧૭ની ભરતીમાં ગત વર્ષના ઉંચા મેરીટ સાથે પસંદગી પામનાર વિદ્યાસહાયકોને કારણે જિલ્લા પસંદગીની પ્રક્રિયામાં ખાલી પડેલી કુલ જગ્યાઓ પૈકી ૨૦ ટકા જગ્યાઓ વેઈટીંગ લીસ્ટથી ભરવા ગુજરાત હાઈકોર્ટે આજે રાજય સરકારને આદેશ કર્યો હતો. નોકરીમાં ચાલુ વિદ્યાસહાયકોની જિલ્લા પસંદગીના કારણે ૫૦ ટકાથી વધુ જગ્યાઓ જે ખાલી પડનારી છે, તે વેઈટીંગ લીસ્ટથી ભરવામાં આવે એવી દાદ માંગતી પીઆઈએલમાં હાઈકોર્ટે પોતાનો ચુકાદો આજે જાહેર કર્યો હતો. આ જાહેરહિતની રિટમાં અગાઉ રાજય સરકારે જવાબ રજૂ કરી સ્પષ્ટ કર્યું હતું કે, આશરે ૪૦ ટકાથી વધારે જગ્યાઓ ચાલુ વિદ્યાસહાયકોના રાજીનામાને કારણે ખાલી પડી છે. દરમ્યાન વેઈટીંગ લીસ્ટના મુદ્દે આજે સરકારપક્ષ તરફથી હાઈકોર્ટને જણાવાયું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com